મોડાસાની પાસે સાંકરી નદીના ચેકડેમમાં પાંચ ડુબ્યા

બે બાળકો એક બાળકી અને બે યુવાનોના મોત

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા, તા.૧૧ અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકામાં આવેલ ચાંદ ટેકરીની સાંકરી નદી પર આવે ચેક ડેમ ક્રોસ કરવા જતા પાણીમાં ડુબી જવાથી પાંચ જણાના મોત નીપજતા સમગ્ર અરવલ્લી જીલ્લામાં અરેરાટી વ્યાપી ગઈ હતી

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર મોડાસા તાલુકામાં આવેલ ચાંદટેકરી ગામે આવેલ સામેની સાઈડે સાંકરી નદીની બીજી સાઈડે ભરવાડ કોમ્યુનીટીના પરીવાર વસવાટ કરતા હતા. આ પરીવારને પોતાના ઘરે જવુ હોય તો એક માત્ર વિકલ્પ આ ચેકડેમમાં થઈને જવાનો હતો ત્યારે આજે સાંજે પાંચેક વાગ્યાના સુમારે શાળામાંથી ભણીને આવતા એક જ પરીવારના ત્રણ બાળકો ચેકડેમ પરથી પસાર થતા હતા ત્યારે એકાએક પાણીનો પ્રવાહ વધી જતા પાણીમાં તણાવા લાગ્યા હતા જયારે આ વાતની તેમના પરિવારજનોને ખબર પડતા પરીવારના બે વ્યક્તીઓ આ ત્રણેય બાળકોને બચાવવા પડયા હતા. જેમાં બચાવવા પડેલ અને ડુબેલા ત્રણેય બાળકોમાં એક બાળકીનો સમાવેશ પણ થાય છે. જેમાં સદનસીબે આ પાંચેયનુ પાણીમાં ડુબી જવાથી મોત નીપજયુ હતુ.

જયારે આ વાતની જાણ તંત્રને થતાં ઘટના ઉપર તાબડતોબ ફાયર ફાઈટરના તરવૈયા ૧૦૮ ઈમરજન્સી પોલીસ મોડાસા મામલતદાર અને ટાઉન પી.એસ.આઈ ચૌધરી ઘટના સ્થળે પહોચી બચાવ કામગીર હાથ ધરી હતી. આ સમાચાર લખાય છે ત્યાં સુધી પાંચેયમાંથી બે બચાવવા પડેલ ઈસમોમાંથી બેના મૃતદેહ મળી હતી. ત્યારે બાકીના ત્રણેય બાળકોની મૃતદેહ શોધવા જયારે સ્થાનીક લોકોએ પણ આ પાંચેયને બચાવવા ભારે જહેમત ઉઠાવી હતી. તંત્ર ધ્વારા પ્રયાસો ચાલુ રાખવામાં આવેલ છે. તંત્ર સામે હાલ અંધારૂ થતાં આ મૃતદેહ શોધવો એ મોટો પડકાર છે.

મૃતકોની યાદી

(૧) કાનાભાઈ પુંજાભાઈ ભરવાડ (ઉ.વર્ષ ૧૮)
(૨)કંચનબેન પુંજાભાઈ ભરવાડ (ઉ.વર્ષ ૧૪)
(૩)ગીતાભાઈ વીરમભાઈ ભરવાડ (ઉ.વર્ષ ૧૪)
(૪)રુડાભાઈ મસાભાઈ ભરવાડ(ઉ.વર્ષ ૨૫)
(૫) હીરાભાઈ થોભાભાઈ ભરવાડ(ઉ.વર્ષ ૫૦)

યોજનાને મંજૂરી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

થતી હોવાની ચોંકાવનારી હકીકતો પણ તંત્રના ધ્યાને આવી હોવાનું કહેવાય છે.

રાજ્ય સરકાર સ્વચ્છતા અભિયાન પર વિશેષ ભાર મુકી રહી છે અને આગામી ૨જી ઓક્ટોબરથી રાજ્ય સરકાર દ્વારા વિશેષ અભિયાન યોજવાનું આયોજન પણ હાથ ધર્યું હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે પંચાયતના પ્રશ્નો અને આર્થિક સ્થિતિ વિશે ચિંતન કરવા માટે બે દિવસમાં ગાંધીનગર-કલોલ તાલુકાના સરપંચોની બેઠક તંત્રના અધિકારીઓએ કરી લીધી છે. હજુ દહેગામ અને માણસાના સરપંચો સાથે આગામી પખવાડિયામાં બેઠકો યોજવા માટેનું આયોજન થઈ રહ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં ૩૫ ગામો નિર્મળગામ જાહેર થયેલ છે. નિર્મળ ભારત અભિયાનમાં પણ જિલ્લાની નબળી કામગીરી રહેવા પામી છે તો શૌચાલયની સુવિધામાં પણ જિલ્લામાં કામગીરી નબળી રહેવા પામી છે.

બીજી તરફ ગાંધીનગર જિલ્લામાં સ્વચ્છતા અભિયાનને લઈ જનજાગૃતિ વધે તેમજ પંચાયતો પણ આ અભિયાનમાં સક્રિય બને તે માટે ગૂજરાત વિદ્યાપીઠની સાદરા શાખાના વિદ્યાર્થીઓ જિલ્લાના ૫૬ ગામોમાં પદયાત્રા કરી એક નવો વળાંક ઝુંબેશને આપશે. આ માટે વિદ્યાર્થીઓની ૧૪ જેટલી ટુકડીઓ બનાવવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં નર્મદાનું પાણી લેવામાં પંચાયતોના ઉદાસીન વલણ બાદ હવે સ્વચ્છતા અભિયાનમાં પણ નબળો પ્રતિસાદ તંત્ર માટે અગ્નિપથ પુરવાર થઈ રહ્યો છે.

વરસાદનો વિરામ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ચોમાસાની નબળી અને મોડી શરૂઆત પછી બીજા તબક્કાના વરસાદે ધબડાટી બોલાવી હતી. એક તબક્કે એવુ લાગતુ હતુ કે આ વર્ષે વરસાદની અછત નોંધાશે પરંતુ હાલના તબક્કે હવે સીઝનનો વરસાદ સરેરાશ કરતા વધી જાય તેવી સ્થિતિ સર્જાઈ છે. આજનું મહત્તમ તાપમાન ૨૭ ડીગ્રી સેલ્શિયસ અને લઘુત્તમ તાપમાન ૨૪ ડિગ્રી સેલ્શિયસ નોંધાવા પામ્યું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ સવારે ૧૦૦ ટકા હતુ જે સાંજે પણ ૯૬ ટકા રહેવા પામ્યું હતું. જો કે હજુ પણ આકાશમાં વાદળો ઘેરાયેલા હોઈ કોઈ પણ સમયે વરસાદ ફરી વરસવાનું ચાલુ કરે તેવી શક્યતાઓ જણાય છે. આજે વરસાદે લીધેલા સામાન્ય વિરામના કારણે ટ્રાફિકમાં વધારો જણાયો હતો.

કેમેરાથી સજ્જ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પાંચ સીસીટીવી કેમેરા સુરક્ષાના હેતુસર તંત્ર દ્વારા લગાડી દેવામાં આવ્યા છે. પાંચેય કેમેરાનું મોનીટરીંગ ૧૭ તારીખ સુધી કરવામાં આવશે. તે ઉપરાંત પ્રોટોકોલ મુજબની સુરક્ષાના પગલે આસપાસ પડેલી તમામ બિનવારસી ચીજવસ્તુઓ હટાવી દેવામાં આવી છે અને તંત્ર દ્વારા ઝાડની આડાશો અને આસપાસના ઝાડી ઝાંખરાઓ તથા ઉગી નીકળેલા નકામા ઘાસ પણ કાપી નાંખવામાં આવ્યા છે. તે ઉપરાંત આ વિસ્તારમાં સતત પોલીસને ચાંપતી નજર રાખવા આદેશ જારી કરી દેવામાં આવ્યો છે.

રેલીનું પ્રસ્થાન

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જિલ્લા અને ગુજરાતને ગૌરવ અપાવવાની દિશામાં પ્રગતિ કરે તેવા શુભ આશય સાથે ખેલ મહાકુંભનું આયોજન ૨૦૧૦ થી હાથ ધરવામાં આવેલ છે.

ખેલ મહાકુંભ-૨૦૧૪ નો પ્રકાશ ગુજરાતના ગામડે ગામડે પ્રજ્વલિત થાય અને 'રમશે ગુજરાત, જીતશે ગુજરાત'ના નેમ સાથે પંચ ધાતુની મશાલ સાથે બેટન રેલીનું ગાંધીનગર ખાતેથી શરૂ થઈ રાજ્યના દરેક જિલ્લામાંથી પસાર થઈ ખેલ મહાકુંભના ઉદ્‌ઘાટન સ્થળ ભાવનગર ખાતે પહોંચશે. આ સમય દરમિયાન રાજ્યમાં ખેલકુદનું વાતાવરણ ઉભું થશે.

આ વખતે ખેલ મહાકુંભમાં કુલ ૨૧ રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં એથ્લેટીક્સ, કબડ્ડી, ખો-ખો, શૂટીંગ હોલ વોલીબોલ, ચેસ, રસ્સાખેંચ, યોગાસન, સ્વીમીંગ, બેડમિન્ટન, ટેબલટેનીસ, સ્કેટીંગ, ટેકવેન્ડો, જુડો, કુસ્તી, આર્ચરી, હોકી, હેન્ડબોલ, બાસ્કેટ બોલ, ફૂટબોલ, ટેનીસ જેવી રમતનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે સ્વણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીની બેવસાઈટનું સચિવે ઉદ્‌ઘાટન કર્યું હતું. જ્યારે રાજ્યની શક્તિદૂત યોજના અંતર્ગત ૪૦ જેટલા ખેલાડી પૈકી એ ગ્રુપના ખેલાડીને રૂ. પાંચ લાખ, બી ગ્રુપના ખેલાડીને રૂ. ત્રણ લાખ અને સી ગ્રુપના ખેલાડીને રૂ. બે લાખના ચેક ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વિતરીત કરાયા હતા.

આ પ્રસંગે ગાંધીનગરના મેયર મહેન્દ્રસિંહ રાણા, મહિલા આયોગના ચેરમેન લીલાબેન આંકોલિયા, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમના અધ્યક્ષ શ્રી પુંજાજી ઠાકોર, સ્ટેન્ડીગ કમીટીના ચેરમેન શ્રી આશિષભાઈ દવે, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર જતીન સોની સહિતના મહાનુભાવો ખેલાડીઓ અને પ્રશિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ગુજરાતના ખેલાડીઓ રૂપેશ શાહ, ધ્યાની દવે, અંકિતા રૈના અને અનુષ્કા પરીખે સચિવ ભાગ્યેશ અને મહાનુભાવોના હસ્તે બેટન સ્વીકારીને રેલી પ્રસ્થાન કરાવી હતી.

પ્રદર્શનનો પ્રારંભ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ઉદ્યોગના તમામ ક્ષેત્રોના વિકાસ માટે ઘણી મહત્વપૂર્ણ સાબિત થશે.

પ્રદર્શન અંગે વધુ વિગતો આપતાં ફાર્મેક ઈન્ડિયા સબ કમિટીના ચેરમેન કમલેશ પટેલે જણાવ્યું હતું કે, ૨૦૦૯, ૨૦૧૧, ૨૦૧૨ અને ૨૦૧૩ માં યોજાયેલી ફાર્મેક ઈન્ડિયાની અગાઉની તમામ આવૃત્તિઓને ભવ્ય સફળતા પ્રાપ્ત થઈ છે. તમામ પ્રદર્શનોને અદ્‌ભૂત પ્રતિસાદ મળ્યો હતો અને ગુજરાત સિવાયના અન્ય રાજ્યોમાં પણ આ પ્રદર્શન યોજવા માટે દવા ક્ષેત્રની ઘણી કંપનીઓ દ્વારા માગણી કરવામાં આવી છે. આવી રજુઆતને ધ્યાનમાં રાખીને ભારતના અન્ય શહેરોમાં પણ ફાર્મેક ઈન્ડિયાનું આયોજન કરીને ગુજરાતના દવા ઉદ્યોગની પ્રતિભાને આ પ્રદર્શનમાં ઉજાગર કરવામાં આવશે.

અગાઉ યોજાયેલી ફાર્મેક ઈન્ડિયાની તમામ આવૃત્તિઓમાં આશરે ૪૫૦ થી પણ વધારે કંપનીઓએ ભાગ લીધો હતો અને તેના મુલાકાતીઓની કુલ સંખ્યા ૧૫,૦૦૦ આંકડો પાર કરી ગઈ છે, હવે જ્યારે ભારતીય અર્થતંત્ર પુનઃ તેજીના પંથે આગળ વધી રહ્યું છે, ત્યારે આ વર્ષે ફાર્મેક ઈન્ડિયાના મુલાકાતીઓની સંખ્યા ઘણી ઊંચી રહે એવી ધારણા છે. પ્રદર્શનના છેલ્લા દિવસે એટલે કે ૧ ઉમી સપ્ટેમ્બરના રોજ દવા ઉદ્યોગ સંબંધિત મુદ્દાઓની ચર્ચા કરવા એક સેમિનારનું આયોજન પણ કરવામાં આવ્યું છે. આ સેમિનારનો પ્રારંભ ડૉ. ઈશ્વરા રેડ્ડીના 'ક્વોલિટી રિસ્ક મેનેજમેન્ટ: રેગ્યુલેટર્સ એક્સપેક્ટેશન ફ્રોમ ઈન્ડસ્ટ્રી' વિષય પરના પ્રેઝન્ટેશન સાથે થશે. ત્યારબાદ એફડીસીએ, ગાંધીનગરના કમિશનર ડૉ. એચ.જી. કોશિયા દ્વારા 'કરન્ટ ડ્રેન્ડસ એન્ડ એક્સપેક્ટેશન્સ ઈન જીએમપી કોમ્પ્લાયન્સ' વિષય પર પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવશે.

પ્રચારનો અંત...

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

વિદાનસભા વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા આજે માંગરોળ તાલુકાના માળઈયા ખાતે જાહેરસભાને સંબોધન કરી હપોત પોતાના ઉમેદવારને વિજેતા બનાવવા મતદારોને અનુરોધ કર્યો હતો. બે વાગ્યે શંકરસિંહ વાઘેલાની અને ત્રણ વાગ્યે આનંદીબેન પટેલની સભાનું આયોજન કરાયું હતું. ડીસા, મણીનગર, ટંકારા, ખંભાળીયા, માંગરોળ, તળાજા, આણંદ, માતર અને લીમખેડામાં વિધાનસભાની પેટાચૂંટણી યોજાશે જ્યારે વડોદરામાં લોકસભાની પેટા ચૂંટણી યોજાવાની હોવાથી છેલ્લા કેટલાક દિવસથી તંત્ર દ્વારા ચાલી રહેલી તડામાર તૈયારીઓ અંતિમ તબક્કામાં પહોંચી છે. ઈવીએમ અને સ્ટાફનું પ્રથમ બે કક્ષાનું રેન્ડમાઈઝેશન પુરુ થઈ ગયું છે અને ફાઈનલ રેન્ડમાઈઝેશન તા. ૧૩ના સવારે ૬ વાગ્યે કરવામાં આવશે અને ત્યારબાદ સ્ટાફને મતદાન મથકોએ ફરજ સોંપી દેવામાં આવશે. તા. ૧૬ના પરિણામ જાહેર કરવામાં આવશે.ગુજરાતમાં પેટાચૂંટણી ઉપર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. નરેન્દ્ર મોદી સરકાર સત્તામાં આવ્યા બાદ ત્રીજી પેટાચૂંટણી યોજાઈ રહી છે. છેલ્લે બે પેટાચૂંટણીના પરિણામ દર્શાવે છે કે, મોદીનો જાદુ ઘટી રહ્યો છે. ઉત્તરાખંડ વિધાનસભાની ત્રણ બેઠકો પર પેટાચૂંટણીમાં કોંગ્રેસની જીત થઈ હતી. બિહાર સહિત ચાર રાજ્યોની ૧૮ વિધાનસભા સીટ ઉપર પણ ભાજપનો દેખાવ સામાન્ય રહ્યો હતો. ગુજરાતમાં મોદી સાથે સંકળાયેલી બે બેઠકો ઉપર પેટાચૂંટણીઓ યોજાઈ રહી છે જેમાં વડોદરા લોકસભા બેઠકનો સમાવેશ થાય છે. મોદીએ જીત મેળવ્યા બાદ વડોદરા બેઠક પરથી રાજીનામુ આપ્યું હતું અને વારાણસી બેઠક જાળવી રાખી હતી. આ ઉપરાંત મણિનગર વિધાનસભા બેઠકનો સમાવેશ થાય છે. મોદી ત્રણ વખત આ બેઠકનું પ્રતિનિધિત્વ કરી ચુક્યા છે.

ડી. જી. વણઝારાને... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અને તેમના ઉપર ગંભીરપ્રકારના આક્ષેપો કરવામાં આવ્યા હતા.

૨૬મી નવેમ્બર ૨૦૦૫માં અમદાવાદના વિશાલા સર્કલ ટોલ પોઈન્ટ પર વહેલી સવારે સોહરાબુદ્દીન શેખને નકલી એન્કાઉન્ટરમાં ગુજરાત-રાજસ્થાન પોલીસે ઠાર મારી નાંખ્યો હતો. આ કેસમાં માર્ચ ૨૦૦૭માં અમદાવાદ સીઆઈડી ક્રાઈમે વણઝારાની ધરપકડ કરી હતી. વણઝારા દ્વારા સાત વખત જામીન અરજી કરવામાં આવી હતી પરંતુ તેને જામીન મળ્યા ન હતા. સોહરાબુદ્દીન કેસ નિષ્પક્ષ ન્યાય અર્થે મહારાષ્ટ્રના મુંબઈ ખાતે ટ્રાન્સફર થયો હતો. હાલ આ કેસ મુંબઈ સીબીઆઈ કોર્ટમાં ચાલી રહ્યો છે. ડીજી વણઝારાએ ફરીથી જામીન અરજી કરી જામીન માંગ્યા હતા. જેમાં તેણે રજુઆત કરી હતી કે મે જે કંઈ કાર્ય કર્યું તે મારા ફરજના ભાગરૂપે કર્યું હતું. પોતે આઈપીએસ ઓફિસર રહી ચુક્યા હોવાથી ક્યાંય ભાગી જાય તેવી શક્યતા નથી ઉપરાંત કોર્ટ જે શરત કહેશે તેનું પાલન કરવા તૈયાર છે. તાજેતરમાં જ સુપ્રીમ કોર્ટે અંડરટ્રાયલ કેદીઓને તાત્કાલીક જામીન આપવાનો આદેશ કર્યો હતો. જેના આધારે મુંબઈ હાઈકોર્ટે ડીજી વણઝારાને શરતી જામીન પર મુક્ત કર્યો હતો. કોર્ટે તેમને બે લાખના જાતમુચરકા પર જામીન આપ્યા છે. ઉપરાંત તેમને પાસપોર્ટ જમા કરાવવા આદેશ કર્યો છે. ૧૯૮૭ની બેચના આઈપીએસ વણઝારાની અવધિને લઈને પણ હાલમાં પ્રશ્નો કરાયા હતા. તત્કાલિન ગૃહપ્રધાન અમિત શાહ સાથે તેમના ખુબ જ નજીકના સંબંધ રહી ચુક્યા છે. એન્કાઉન્ટરના ગાળા દરમિયાન વણઝારા, અન્ય પોલીસ અધિકારીઓને અમિત શાહને શ્રેણીબદ્ધ ફોન કર્યા હોવાના અહેવાલ પણ આવી ચુક્યા છે. ૨૬મી નવેમ્બર ૨૦૦૫ના દિવસે સોહરાબુદ્દીન શેખને પોલીસ કસ્ટડીમાં હતો ત્યારે જ ઠાર મારી દેવામાં આવ્યો હતો.

જાહેર નિવિદા નં.૧ સને ૨૦૧૪-૨૦૧૫

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ, નં.૨૨, પાટનગર યોજના ભવન, બીજો માળ, સેક્ટર-૧૬, ફોન નં. ૦૭૯-૨૩૨૫૯૫૧૬ ગાંધીનગર દ્વારા વીજળીકરણને લગતા ૯ કામોની અંદાજીત કિંમત રૂ. ૩૬,૨૪૫,૦૫.૦૦થી ૧,૮૪,૩૯૫.૭૦ છે. આ માટે આવા કામના અનુભવી અને નિષ્ણાત ઠેકેદારશ્રીઓ પાસેથી ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તા. ૧૮/૯/૨૦૧૪ અને પરત મેળવવાની છેલ્લી તા. ૨૫/૯/૨૦૧૪ છે. આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવોસમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/૧૧૮૪/૨૦૧૪-૧૫

મોડાસા માર્કેટયાર્ડની હડતાળ બીજા દિવસે પણ યથાવત : વેપારીઓ દ્વારા સજ્જડ બંધ પડાયો

આવતીકાલથી શાકભાજીના વેપારીઓ પણ આ હડતાળના સમર્થનમાં

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા, તા.૧૧ અરવલ્લી જીલ્લા ના મોડાસા શહેર માં આવેલા માર્કેટયાર્ડ ને અન્ય જગ્યા ને ખસેડવાનો સત્તાધિશો નો નિર્ણય દિવસે ને દિવસે પેચીદો બન્યો છે તો આ બાજુ માર્કેટયાર્ડ માં દુકાનો ધરાવતા વેપારીઓ પણ લડી લેવાના મુડ માં હોય તેમ આજથી અચોકકસ મુદત ની હડતાળ નુ એલાન કરી દેવા માં આવ્યુ છે અને જયાં સુધી આ માર્કેટયાર્ડ અન્ય જગ્યાએ ખસેડવાનો નિર્ણય ના બદલાય ત્યાં સુધી માર્કેટયાર્ડ સંપુર્ણપણે બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે.

મોડાસા શહરે થી આશરે ૩ કી.મી આવેલ ગાજણ ગામ ની સીમ માં નવીન માર્કેટયૂાડ બનાવાના મુદે ૨૦૦ થી વધારે વેપારીઓ નુ ભાવી જોખમાયુ છે. જયારે આ વેપારીઅ ગઈકાલ થી હડતાળ ઉપર બેડા છે ત્યારે આજે બીજા દિવસે પણ હડતાળ ચાલુ રાખવામાં આવી હતી અને જો આ હડતાળ નો નજીવેડો નહી આવેતો આવતી કાલ થી હઆ વેપારીઓ ના સર્મથન માં શાકભાજી ના વેપારીઓ પણ જોડાશે અને જો આવુ થશે તો મોડાસા માં શાકભાજી ની અછત ઉભી થશે તે માં નવાઈ ની વાત નથી ત્યારે હાલ તો મોડાસા નગર ની જનતા એવુ ઈરછી રહી છે કે આ બાબતનો ઝડપથી નીકાલ આવે નહીતોખેડુતોઅનેનગરજનોનેહેરાન થવાનો વારોઆવવાનોછેતેનકકીછે.

જયારે માર્કેટયાર્ડના વહેપારીઓ જણાવે છે કે નવુ માર્કેટ યાર્ડ છેલ્લા ૯ વર્ષ પુર્વે જ બન્યુ છે. ત્યારે આ માર્કેટયાર્ડ છેલ્લા ત્રણ વર્ષ થી જ ધમ ધમવા લાગ્યુ છે. ત્યારે ખેતીવાડી સમીતીસ ના ચેરમેન આ માર્કેટયાર્ડ ને બીજી જગ્યા એ લઈ જવાથી થી મોડાસા ના માર્કેટ ના વેપારી ઓ ની ૨૦૦ કરોડ ની મીલકતો જીરો કરવાની વાતો કરી રહયા છે. બીજા માર્કેટ ની જરૂર નથી ત્યારે જુનુ બંધ કરી નવુ કયાં કરવાની જરૂર છે. ત્યારે આ હડતાલ થવાને કારણે આ માર્કેટયાર્ડ માં મજુરી કરી ને હાથ લારી ચલાવી ને પોતાનુ ગુજરાન ચલાવતા મજુરો ની હાલત પણ હાલ કફોડી બની છે. ત્યારે જલ્દી થી આ બાબતનો ઉકેલ આવે તેવુ મોડાસા માર્કેટયાર્ડ ના વેપારીઓ ઈરછી રહયા છે અને સત્તાધીશો ધ્વાર જલ્દી થી આ બાબતનો નીકાલ લાવવા માં નહી આવે તો વેપારીઓ એ ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

માર્કેટયાર્ડના વાઈસ ચેરમેન શુ કહે છે

માર્કેટયાર્ડ ના વાઈસ ચેરમેન રાકેશ પટેલ નો સંપર્ક સાધતા તેમણે જણાવ્યુ હતુ કે

માર્કેટ ના વેપારીઓ ધ્વાર છેલ્લા બે દિવસ થી હડતાળ પાડવામાં આવી છે તે બાબતે અમારે વેપારીઓ સાથે વાતચીતો ચાલુ છે અને હુપણ વેપારીઓ ધ્વારા ચુટાયેલા પ્રતીનીધી માં થી આવ્યો છુ તેથી વેપારીઓ સાથે અન્યાય નહી થવા દઉ અને વેપારીઓ ની લાગણીઓ અને માંગણીઓ ધ્યાને રાખી ને આ જગ્યા બદલવાનો નિર્ણય લેવાશે.

હડતાળથી મજુરોની હાલત કફોડી બની

વેપારીઓ અને સત્તાધિશોનો

એકબીજાના માર્કેટયાડની જગ્યાને લઈને ચલતા વિવાદમાં આ માર્કેટમાં મજુરી કરી અને હાથલારી ચલાવીને પોતાના ઘરનુ ગુજરાન કરતા મજુરોની બેદિવસથી હડતાળ ચાલતા હાલત કફોડી બની છે અને આ માર્કેટયાડમાં મજૂરી કરતાં મનોજભાઈ ભીલે જણાવ્યુ હતુ કે આ હડતાળ જો આમ ને આમ ચાલશે તો અમારે પરિવાર સહીત ભીખ માંગવાનો વારો આવશે.

ટુંકી મુદતની જાહેર નિવિદા નંબર-૨/૨૦૧૪ / ૯-૦૯-૧૪

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી માર્ગ યોજના પંચાયત પેટા વિભાગ
જિલ્લા પંચાયત ગાંધીનગર ફોન નં. ૨૩૨૫૬૬૫

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન પંચાયત પેટાવિભાગ, જિલ્લા પંચાયત, ગાંધીનગર-૩૮૨૦૧૭ દ્વારા ગુજરાત રાજ્યની જેતે મજુર કામદાર સહકારી મંડળીઓ તથા માન્ય ઈજારદારશ્રી દ્વારા આપેલ સમયમર્યાદામાં ટેન્ડર આપવાની તથા પરત લેવાની તારીખો નીચે મુજબ છે. કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત તારીખોનો જાહેર રજા સિવાયના કચેરી સમય દરમિયાનના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂમાં સંપર્ક કરવા વિનંતી છે.

અનુ	કામનો નંબર	કામની વિગત	અંદાજી રકમ રૂ.	ટેન્ડર મેળવવાની છેલ્લી તારીખ			
				મજુર કામદાર સહકારી મંડળી માટે ટેન્ડર મેળવવાની છેલ્લી તારીખ	મજુર કામદાર સહકારી મંડળી માટે ટેન્ડર પરત મેળવવાની છેલ્લી તારીખ	માન્ય ઈજારદારશ્રી માટે ટેન્ડર મેળવવાની છેલ્લી તારીખ	માન્ય ઈજારદારશ્રી માટે ટેન્ડર પરત મેળવવાની છેલ્લી તારીખ
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	૧	સી.આર.ટુ. વેરીયર્સ રોડ ઈન ગાંધીનગર ઈસ્ટ એન્ડ માણસા તાલુકા, જી. ગાંધીનગર (એપ્લાઈન્ગ ગેરૂ ચુના ઓન ટ્રી	૮૭,૧૧૨.૫૦	૧૬/૯/૧૪	૨૩/૯/૧૪	૨૪/૯/૧૪	૧/૧૦/૧૪

સહી/-
નાયબ કાર્યપાલક ઈજનેર
પંચાયત પેટાવિભાગ, ગાંધીનગર

માહિતી/૧૧૭૯/૨૦૧૪-૧૫